



# સત્સંગ વિહાર ચેલેન્જ





:: રજૂકર્તા ::
બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય
અમદાવાદ

## પાઠ : ૧૬
## ભક્તો માટે જીવન











# ૧૬. ભક્તો માટે જ જીવન

સ્વામીબાપા પંચમહાલમાં **દેવગઢ બારિયા** ગામે વિરાજમાન હતા. ત્યાં બાજુના **મલાવ ગામનો ચારેક વર્ષનો શંભુ નામનો બાળક** આવ્યો અને સ્વામીબાપાને કહેવા લાગ્યો, '**બાપા ! મારા ઘરે આવશો ?** આવોને !' સ્વામીબાપા હેતથી તેના માથે હાથ મૂકતાં કહે, 'ટાઈમ મળે એટલે આવીશું હોં...!'

શંભુ ખુશ થઈને દોડી ગયો. બીજે દિવસે **સ્વામીબાપા રાબોડ ગામે** પધાર્યા. ત્યાં પણ સ્વામીબાપાએ **શંભુને જોયો**. એટલે સંતોને કહે, 'જુઓ, આ શંભુ આવી ગયો! આપણે તેને ઘરે આવવાનું **વચન આપ્યું હતું, તે જવું પડશે**.' એ વિસ્તારમાં ફરતા અનુભવી સંત કહે, 'પણ સ્વામીબાપા ! આપનું **સ્વાસ્થ્ય સારું નથી**. ને મલાવ ગામનો **રસ્તો સાવ ધૂળિયો ને કાચો** છે.' સ્વામીબાપા કહે, 'આપણે ઘોઘંબા તો જઈએ જ છીએને. વચ્ચે જ ગામ આવે છે. જવામાં કાંઈ વાંધો નહીં આવે !'



સૌ સંતો મૌન રહ્યા. **રાત્રે ૧૦ વાગે** ગાડી **મલાવ ગામને પાદર** પહોંચી. પિતા અશ્વિનભાઈ મિસ્ત્રી સાથે **શંભુ** ત્યાં રાહ જોઈ ઊભો હતો. તેને **આનંદિત** થયેલ જોઈ સ્વામીબાપા કહે, 'ચાલો ઘરે !' સ્વામીબાપા શંભુના ઘરે પધાર્યા. **પૂજન-આરતી** થયાં. બાળક શંભુએ ઠાકોરજી અને સ્વામીબાપાની આરતી ઉતારી. સૌ કોઈ સ્વામીબાપાની બાળવત્સલતાને વંદી રહ્યા.

■ ■ ■

સને ૧૯૮૦માં સ્વામીબાપા **અમેરિકામાં** હતા. એક વાર **ફિલાડેલ્ફિયા** શહેરમાં પધરામણી દરમ્યાન **મોજડી** પહેરવામાં તેઓને **અવળસવળ** થઈ ગયું. જમણો પગ ડાબી મોજડીમાં ને ડાબો પગ જમણી મોજડીમાં.

સંતોએ પૂછ્યું, 'આમ કેમ થયું ?'

સ્વામીબાપા કહે, 'હમણાં ઘણા સમયથી બરાબર દેખાતું નથી.'

પછી તો **બોસ્ટનમાં ડૉક્ટરને બતાવ્યું**. તેમણે નિદાન કર્યું કે '**મોતિયો** પાકી ગયો છે. જો તમે **થોડા દિવસ મોડા પડ્યા હોત**, તો આંખે ઝામરનો **રોગ થઈ જાત**.'

આમ કહી **ડૉક્ટરોએ તાત્કાલિક ઑપરેશન કરવાનું જણાવ્યું**. પરંતુ **બાપાએ 'ના' પાડી** ! અને કહ્યું, 'ભારતમાં જઈને ઑપરેશન કરાવીશું.' સંતોએ બાપાને સમજાવ્યા, 'જો ઑપરેશન નહીં થાય, તો દેખાતું બંધ થઈ જશે.'

ત્યારે બાપા કહે, 'હરિભક્તોએ રજા લઈને તૈયારીઓ કરી હોય અને આપણે ન જઈએ, તો તેમને કેટલી મુશ્કેલી પડે ? **આપણું તો જે થવાનું હોય તે થાય, પણ હરિભક્તોને રાજી કરવા.**' છેવટે બધાના આગ્રહને વશ થઈ સ્વામીબાપાએ અમેરિકામાં જ ઑપરેશન કરવાની 'હા' પાડી.

**આવા છે આપણા સ્વામીબાપા !**

**હરિભક્તોને તેમણે જીવન માન્યા છે. તેમનાં મન સાચવવાં, તેમને રાજી કરવા સ્વામીબાપાએ પોતાના શરીર કે પોતાનાં દુઃખની પરવા જ નથી કરી. ત્યારે સત્સંગ આટલો વધ્યો છે ને હરિભક્તો તેમના માટે પ્રાણ પાથરવા તૈયાર થાય છે.**


પાઠ : ૧૬

# ભક્તો માટે જીવન

સત્સંગ વિહાર ચેલેન્જ

## પરિસ્થિતિ સમજીએ...

બાળમિત્રો ! તમે પાઠ ૧૬માં સ્વામીબાપાનો ફિલાડેલ્ફીયા શહેરનો પ્રસંગ વાંચ્યો. સ્વામીબાપાને આંખે મોતિયો પાકી ગયો હોવાથી પગની મોજડી પણ સરખી દેખાતી નહોતી. પણ શું તમને ખબર છે, આ મોતિયો પાકવો એટલે શું ? ચાલો, આ વિડીયો જોઈએ અને આ બિમારીને સમજીએ.




વિડિયો દર્શન : Click Here

જોયું ને બાળમિત્રો ! આટલી વિકટ પરિસ્થિતિમાં પણ સ્વામીબાપા તો હરિભક્તોની જ ચિંતા કરતા હતા ! ખરેખર, સ્વામીબાપા આપણા સૌ માટે જ જીવી ગયા.



### ચેલેન્જ ૦૧

## ‘ એક આંખ... ’

જરૂરી સામગ્રી : કાગળના બોલ (૧૦ નંગ), રૂમાલ

કોણ જોડાશે : તમે અને તમારા ભાઈ-બહેન

**રીત :** સૌથી પહેલા તમારી એક આંખ ઢંકાઈ જાય તે રીતે તમારી આંખ પર રૂમાલ બાંધો. જે આંખ પર રૂમાલ બાંધ્યો હોય તે તરફથી તમારા ભાઈ-બહેનને બોલ ફેંકવાનું કહો. તે ૧... ૨... ૩... બોલીને ૧ મિનીટ સુધી બોલ ફેંકશે. ૧ મિનીટમાં તમે જેટલા બોલ કેચ કર્યા હોય તે નોંધો. હવે આ જ રીતે તમારા ભાઈ-બહેન આ રમત રમશે. જે સૌથી વધુ બોલ કેચ કરશે તે વિજેતા.

### મનન

એક આંખે બોલ કેચ કરવો કેટલું અઘરું હતું ! જ્યારે સ્વામીશ્રીને તો કેટલા બધા દિવસોથી આંખમાં મોતિયાને લીધે સરખું દેખાતું નહોતું. તેમ છતાં તેમણે હરિભક્તોના હિત માટે વિચરણ ચાલુ જ રાખ્યું. ભક્તો માટે કેવો નિઃસ્વાર્થ પ્રેમ !

## પાઠ : ૧૬
# ભક્તો માટે જીવન

સત્સંગ વિહાર ચેલેન્જ

## ચેલેન્જ ૦૨ ' સ્વામીને વધાવીએ... '



જરૂરી સામગ્રી : કાગળ, પેન, આરતી શણગારવા માટે થાળી અને જરૂરી સામગ્રી

કોણ જોડાશે : તમે અને તમારા ભાઈ-બહેન

રીત : મલાવ ગામના શંભુનો પ્રસંગ આપણે વાંચ્યો તે પ્રસંગ એક કાગળ પર સુંદર અક્ષરે લખો. હવે તે કાગળ એક થાળીની પાછળ ચોંટાડી દો. આ થાળીને હવે સુંદર રીતે શણગારી આરતી તૈયાર કરો. આરતીની થાળી શણગારવા માટે તમે કંકુ, રંગો, મોતી, લોટ વગેરે કોઈપણ વસ્તુનો ઉપયોગ કરી શકો છો. તમે તમારા વડિલોની મદદ પણ લઈ શકો છો. આ શણગારેલી થાળીથી તમારે ૫ દિવસ ઘરમંદિરમાં આરતી કરવાની છે. સાથોસાથ તે થાળીની નીચે લખેલો શંભુનો પ્રસંગ પણ તમારે રોજ એક વખત વાંચવાનો છે.

### મનન

સ્વામીશ્રી જેમ શંભુને લાભ આપવા માટે તેના ઘરે પધારેલા તેમ તમારા ઘરે સ્વામીશ્રી પધાર્યા છે અને તમે આરતી ઉતારો છો તેવું મનન કરતા કરતા આરતી ઉતારવી.

## ચેલેન્જ ૦૩ ' પ્રમુખ સ્વામીના ગુણલા ગાઇએ... '

જરૂરી સામગ્રી : મોબાઈલ, નોટ-પેન

કોણ જોડાશે : માત્ર તમે

વિડિયો દર્શન : Click Here

રીત : પ્રમુખસ્વામી મહારાજ શંભુની વિનંતી સ્વીકારી તેના ઘરે ગયેલા તે પ્રસંગને રજૂ કરતી વિડીયો બાજુમાં આપેલ લીંક પર ક્લિક કરવાથી તમે માણી શકશો. આ વિડીયો તમે તમારા પરિવારની સાથે જુઓ. સાથોસાથ તમારા 3 મિત્રો અથવા સંબંધીને આ લીંક મોકલી તેમને પણ આ વિડીયો બતાવો. તેમને આ પ્રસંગ માંથી શું ગમ્યું તે ફોન કરી પૂછો અને નોંધો.

### મનન

સ્વામીશ્રી કેટલો બધો ભીડો વેઠીને શંભુના ઘરે ગયા હતા તેનું મનન કરવું.

બાળમિત્રો, તમે પાઠનું વાંચન પણ કરી લીધું અને એક્ટિવિટી દ્વારા તે પાઠની દ્રઢતા પણ કરી લીધી.
હવે, તૈયાર થઈ જાઓ આ પાઠની પરીક્ષા આપવા માટે.
નીચે આપેલી લીંક દબાવો અને આ પાઠમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો.

ગુજરાતી Click Here | English Click Here

**જય સ્વામિનારાયણ**